ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

**ક્રમાંક: પરિક્ષા/૧૩૨૨૩/૨૦૨૫** **તા. ૧૯/૦૩/૨૦૨૫**

**પરિપત્ર: ૧૦૫**

**સેમેસ્ટર ૨ માં સીધો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ બાબત**

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બીબીએ તથા બીસીએ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ 69 ની જોગવાઈ મુજબ કોઈ પણ સેમેસ્ટર-૨ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનું એનરોલમેન્ટ ગુજરાત યુનિવર્સિટીમાં કરવાનું થાય છે. હાલમાં આપની કોલેજ સંસ્થામાં સેમેસ્ટર-૨ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ ફોર્મ ભરવાની કામગીરી કરવા જરૂરી બીડાણો લગાવી નિયત પત્રક અને ફી કોલેજોએ નીચે મુજબની તારીખ પ્રમાણે નિયત ફી અને લેટ ફી સાથે જમા કરાવવા આથી જણાવવામાં આવે છે

| ક્રમ | તારીખ થી | તારીખ સુધી | ફી |
|---|---|---|---|
| ૧ | ૨૦-૦૩-૨૦૨૫ | ૨૬-૦૩-૨૦૨૫ | નિયત ફી |

1. ગુજરાત યુનિવર્સિટીની ઉપરોક્ત દર્શાવેલ તમામ વિદ્યાશાખાની કોલેજો માટે એનરોલમેન્ટ ફોર્મની કિંમત રૂપિયા ૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂપિયા ૧૦૦/- રાખવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષે દરેક ફેકલ્ટીના અલગ અલગ ફોર્મ નિયત કરવામાં આવેલ છે. જે http://efespgreg.gujaratuniversity.ac.in ઉપર ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે.
2. સદરહુ વિદ્યાર્થીઓ માટે ભરવાના (BLANK) એનરોલમેન્ટ ફોર્મ વેબસાઈટ પરથી મેળવી શકાશે.
3. વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ સાથે **PEC (પ્રોવિઝનલ એલીજીબ્લિટી સર્ટીફીકેટ)** અને ગુણપત્રકોની નકલ ખાસ બીડવી. PEC મેળવ્યા બાદ નિયત સમયમાં FEC મેળવી લેવાનું રહેશે.
4. વિદ્યાર્થીના એનરોલમેન્ટની યાદી જમા કરાવવા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના લેવલે કરવા વિનંતી.
5. એનરોલમેન્ટ ફી ક્રોસ ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક (ચેક રીટર્ન થયે રૂ.૨૦૦૦/- દંડ કરવામાં આવશે) "કુલસચિવશ્રી" ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ ૩૮૦૦૦૯ ના નામનો કઢાવીને મોકલી આપવાનો રેહશે. ડીમાન્ડ ડ્રાફ્ટ પૂરી રકમનો કઢાવવાનો રહેશે (DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)
6. જે કોલેજો એનરોલમેન્ટ ફોર્મની ઓનલાઈન પ્રિન્ટ મેળવેલ છે તેમની કુલ ચુકવણી માંથી વિદ્યાર્થીદીઠ રૂપિયા ૧.૫૦ (એક રૂપિયો ને પચાસ પૈસા) લેખે પ્રિન્ટીંગ ખર્ચ બાદ કરીને બાકીની રકમ ભરવાની રહેશે.
7. આ કાર્યાલયના તા. ૦૯-૧૨-૨૦૧૬ના પત્રાંક:એકે/૩૫૫૯૫/૨૦૧૬ ના સંદર્ભમાં જણાવવાનું કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ડેવેલોપમેન્ટ ફી અને એનરોલમેન્ટ ફોર્મ ફી તથા એનરોલમેન્ટ ફી અલગ અલગ ડ્રાફ્ટ સાથે જ જમા કરવવાની થાય છે આથી એનરોલમેન્ટ ફોર્મ ફી સાથે ડેવલોપમેન્ટ ફી અંગે અલગથી ફોર્વર્ડીંગ પત્ર અને તે રકમનો ડ્રાફ્ટ લાવવાનો રહેશે. આ ડેવલોપમેન્ટ ફી એકેડેમિક વિભાગમાં જમા કરાવ્યાની પાવતી બતાવ્યા બાદ

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

જ પરીક્ષા વિભાગ દ્વારા એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે. ડેવલોપમેન્ટ ફી વિના એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોધ લેવી

8. **એનરોલમેન્ટ ફોર્મમાં વિદ્યાર્થીના ધોરણ ૧૨નું ગુણપત્રક, ABC ID, જન્મ સ્થળ, આધાર કાર્ડ નંબર, ધર્મ(Religion), જ્ઞાતિ(Caste), પેટા-જ્ઞાતિ(Sub-Caste), કાયમી સરનામું(Permanent Address), ઇ-મેલ આઈડી, વાલીનો મોબાઈલ નંબર (Parent's mobile number), વાલીનું ઈ-મેલ(Parent's e-mail) જેવી નવી વિગતો ભરવાની રહેશે.**

પરીક્ષા નિયામક

પ્રતિ,

1. ગુજ. યુનિ. સંલગ્ન આર્ટ્સ/કોમર્સ/સાયન્સ/ બીબીએ તથા બીસીએ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.
2. માનનીય કુલપતિશ્રી તથા માન કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી તરફ.
3. એકેડમિક વિભાગ તરફ
4. ડાયરેક્ટશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તરફ.
5. પરીક્ષા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ.
6. ઈન્ફોર્મેશન સેન્ટર તરફ.